# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૬/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સભ્યો સાથે ધુળેટી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

**સુરત.** રંગોનો ત્યોહાર એટલે ધુળેટી. ગઇકાલે દેશભરમાં ધુળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ હતી ત્યારે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પણ ધુળેટી પર્વની સભ્યો સાથે ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સરસાણા સ્થિત પ્લેટીનમ હોલની બાજુમાં આવેલા ગાર્ડનમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગઇકાલે સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાક સુધી ધુળેટી પર્વની ઉજવણીનું આયોજન કરાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર ઉપરાંત ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો તેમજ અન્ય સભ્યોએ ધુળેટી પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ચેમ્બરના પ્રમુખ રમેશ વઘાસિયાએ સર્વે સભ્યોને ધુળેટી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

ધુળેટીના પર્વે ચેમ્બરના સભ્યોએ એકબીજાને ગુલાલ લગાવીને ધુળેટીનો આનંદ માણ્યો હતો અને નવા ઉમંગના રંગો સાથે રંગાયા હતા. સર્વે સભ્યો ઢોલ નગારાના તાલે ઝૂમ્યા પણ હતા. સભ્યોએ ધુળેટીના વિવિધ ગીતોના નાદ સાથે એક બીજા પર રંગો અને પુષ્પોના છોડ ઉડાડીને ધુળેટી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.